## સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે ચાલતા સીવણ વર્ગના તાલીમાર્થીઓ માટે

# ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો





સરકારી પ્રાથમિક શાળા નં. ૧, સૅક્ટર-૨૯, ગાંધીનગર ખાતે સીવણ વર્ગ, સૅન્ટ્રલ યુનિવર્સિટી અને 'સોચ' સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ચાલે છે. ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓને શાળામાં જ સીવણની તાલીમ આપવામાં આવે છે અને સીવણકામ, ભરતકામ તથા પર્સ બનાવવાની પ્રવૃત્તિઓ કરાવાય છે. બાળકો આ ક્ષેત્રમાં સુંદર પ્રદર્શન કરી રહ્યાં છે અને તાલીમ પામીને નવી વસ્તુઓ પણ તૈયાર કરી રહ્યાં છે. જે બાળકોએ આવી સુંદર કામગીરી કરી છે તેમને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવા માટે એક સમારોહનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૅન્ટ્રલ યુનિવર્સિટીનાં લૅક્ચરર ડૉ. ઈશ્મિત અને સોચ સંસ્થાના વડા જાઈબેને ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. શાળાનાં આચાર્ય મીનાક્ષીબેન જોષી દ્વારા તમામ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## પીજી મૅડિકલના છાત્રો પાસેથી ગામડાઓમાં સર્વિસની ગેરંટી તરીકે લેવાતા બૉન્ડ અન્યાયી

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારને ઝાટકો આપતાં ચુકાદામાં હાઈકોર્ટે પીજી મેડિકલના છાત્રો જોડેથી ગામડાઓમાં સર્વિસની ગેરેંટી તરીકે લેવાતાં બોન્ડ માટેના સરકારી ઠરાવ રદબાતલ ઠેરવ્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ બેલાબહેન ત્રિવેદીએ પીજી મેડિકલના વિદ્યાર્થીઓને રાહતરૂપ ચુકાદો આપતાં રૂ. ૧૦ લાખની બેન્ક ગેરેંટીના ઠરાવને ગેરવાજબી, અન્યાયી, વિવક વિનાનું ગણાવ્યું છે. આ સમગ્ર મામલે અનેક વિદ્યાર્થીઓએ કરેલી પિટિશનોને હાઈકોર્ટે ગ્રાહ્ય રાખતાં તેમનો નિકાલ કર્યો હતો. આ સમગ્ર મામલે શીતાંશુ શેખર સહિતના અરજદારોએ એડવોકેટ અમિત પંચાલ અને એડવોકેટ શિવાની રાજપુરોહિત મારફતે હાઈકોર્ટ સમક્ષ રિટ કરીને રાજ્ય સરકારના પીજી મેડિકલના છાત્રો માટેના બોન્ડના સરકારી ઠરાવની કાયદેસરતાને પડકારી હતી. તારીખ ૨૮-૦૬-૨૦૧૩ના રોજ રાજ્ય સરકારના સ્વાસ્થ્ય અને કલ્યાણ વિભાગ દ્વારા ઠરાવ કરાયો હતો. જે મુજબ સરકારી મેડિકલ કોલેજના પીજી મેડિકલના છાત્રોએ ત્રણ વર્ષ સુધી ગ્રામ્ય વિસ્તારમાં તબીબી સેવા આપવાની ગેરેંટી પેટે રૂ. દસ લાખના બોન્ડ આપવાનું ઠરાવાયું હતું. આ ઠરાવને પડકારતી રિટમાં એવી દલીલ કરાઈ હતી કે,'અરજદાર વિદ્યાર્થીઓ દ્વારા જ્યારે પ્રવેશ લેવાયો હતો ત્યારે બોન્ડ આપવાનો કોઈ ઠરાવ નહોતો. આ ઠરાવ પછીથી જાહેર થયો છે તેથી પ્રવેશ આપ્યા બાદ બોન્ડ માટેનો ઠરાવ કરી શકાય નહીં. એટલું જ નહીં આ બોન્ડ ભરવાનો નિયમ માત્ર ઓપન બેઠકમાં ઉચ્ચ મેરિટ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ પર લાગુ કરાયો છે. એ પણ ક્લિનિકલ વિષયોમાં જ અને સરકારી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે જ. તેથી આ પ્રકારની બોન્ડની શરત એક અત્યંત ક્રૂરતા ભરેલી, મનસ્વી પ્રકારની છે.

**ડાયરેક્ટ ❤ સે**

જ્યાં સુધી
સફળતા ન મળે
ત્યાં સુધી
લોકોની ટીકા
પચાવી શકે
એ જ માણસ
સફળ થઈ શકે છે

## જન્મદિને વધામણી



**વનરાજ દિનેશકુમાર રાઠોડ**
મો. ૭૪૦૫૫ ૧૭૬૦૬

## ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતિ નિમિત્તે

# ડૉ. આંબેડકરની પ્રતીમા પાસે રક્તદાન કૅમ્પ યોજાઈ ગયો







### દલિત અધિકાર મંચ અને ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના સંયુક્ત ઉપક્રમે કલોલ બ્લડ બૅન્કના સૌજન્યથી કૅમ્પ યોજાયો : ૨૮ યુનિટ રક્ત એકત્ર કરાયું

ગાંધીનગર, તા. ૧૫

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતિ નિમિત્તે દલિત અધિકાર મંચ અને ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના સંયુક્ત ઉપક્રમે વિધાનસભા સામે ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે સવારે ૯ કલાકથી કલોલ બ્લડ બૅન્કના સૌજન્યથી રક્તદાન કૅમ્પ યોજવામાં આવ્યો હતો. ૨૮ યુનિટ રક્ત આ કૅમ્પ અંતર્ગત એકત્ર કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છ સમાજના ટ્રસ્ટી તથા રેડ ક્રૉસના અગ્રણી ઍમ ઍમ સોલંકી અને તેમના બંને પુત્રોએ રક્તદાન કરી ડૉ. આંબેડકરને ભાવાંજલી અર્પણ કરી હતી.

દલિત અધિકાર મંચના સંદિપ જ્યોતિકર, કલોલ બ્લડ બૅન્કના દિલીપભાઈ દવે અને સ્ટાફ, જિલ્લા રેડક્રૉસના આગેવાન અશ્વિનભાઈ દવે, જી કે ત્રિવેદી, પરીખદાદા, કૌશિકભાઈ ભટ્ટ અને જીલુભા ધાધલે આ ઉપક્રમ માટે જહેમત ઉઠાવી હતી તથા સૌને ઠંડી છાશનું વિતરણ કર્યું હતું.

# પીજી મૅડિકલ : ૧૬મી સુધીમાં પહેલા રાઉન્ડનો પ્રવેશ રદ કરાવી શકાશે

ગાંધીનગર, તા. ૧૫

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે હાલમાં ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે કાર્યવાહી ચાલી રહી છે. જેમાં બીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવાઈ છે. જોકે, ઓલ ઈન્ડિયા ક્વોટની પ્રવેશ પ્રક્રિયા માટે પ્રવેશના નિયમોમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. જેમાં પહેલા રાઉન્ડમાં કોઈ વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો હોય અને તેને કન્ફર્મ કરાવ્યા પછી બીજા રાઉન્ડમાં ભાગ લીધો હોય પરંતુ બીજા રાઉન્ડમાં અગાઉના પ્રવેશમાં કોઈ ફેરફાર ન થાય તો આ સ્થિતિમાં વિદ્યાર્થીઓ ઈચ્છે તો આગામી તા. ૧૬મી સુધીમાં પહેલા રાઉન્ડનો પ્રવેશ રદ કરાવી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. પી.જી.મેડિકલની પ્રવેશ પ્રક્રિયામાં સરકારી કોલેજોની ૫૦ ટકા બેઠકો ઓલ ઈન્ડિયા ક્વોટામાં ફાળવવામાં આવતી હોય છે. આ બેઠકો માટે હાલમાં બીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓને કોલેજ ફાળવી આપવામાં આવી છે. આ દરમિયાન પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશના નિયમોમાં ફેરફાર કર્યા છે. જે પ્રમાણે અગાઉ પ્રવેશ લીધા બાદ બીજા રાઉન્ડમાં જનારા અને કોઈ ફેરફાર ન થયો હોય તો તા.૧૬મી સુધી પ્રવેશ રદ કરાવી શકશે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓને પહેલા રાઉન્ડમાં કોઈ જગ્યાએ પ્રવેશ ન મળ્યો હોય અને તેણે બીજા રાઉન્ડમાં ભાગ લીધો હોય તો સરકારી કોલેજમાં પ્રવેશ મળે અને આ પ્રવેશ કન્ફર્મ કરાવે તો અન્ય કોઈ કોલેજમાં આ વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવામાં આવશે નહીં. આ સિવાય કોઈ વિદ્યાર્થીઓને ઓલ ઈન્ડિયા ક્વોટના પહેલા રાઉન્ડમાં પ્રવેશ ન મળ્યો અને બીજા રાઉન્ડમાં ભાગ લીધા બાદ ડીમ્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ મળે તો ફરજિયાત લેવો પડશે અન્યથા બે લાખ રૂપિયા જેટલી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે. બીજા રાઉન્ડમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે ખાસ નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓએ પહેલા રાઉન્ડમાં પ્રવેશ લીધો હોય અને રદ કરાવવા ઈચ્છતાં હોય તો આગામી તા.૧૬મી સુધી રદ કરાવી શકશે. પરંતુ બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યા અને કન્ફર્મ કરાવ્યા પછી જો પ્રવેશ રદ કરાવે તો મુશ્કેલી ઊભી થાય તેમ છે. ઓલ ઈન્ડિયાના બીજા રાઉન્ડમાં ખાલી પડનારી બેઠકો તા.૨૨મી સુધીમાં જે તે રાજ્યોને પરત આપવામાં આવશે.

# 'મૅડિકલ કરીકયુલમ રિફૉર્મ' વિષયે સૅમિનાર

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં મેડિકલ એજ્યુકેશન અને કોલેજોની સ્થિતિ સુધારવી હોય તો સૌથી પહેલા મેડિકલમાં પ્રવેશની પ્રક્રિયા વહેલી થાય તેવા પ્રયાસો કરવા પડશે. દરવર્ષે ઓક્ટોબર-નવેમ્બર માસ સુધી ચાલતી મેડિકલ-ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયાના કારણે માત્ર વિદ્યાર્થીઓ નહીં પરંતુ વાલીઓએ ભારે મુશ્કેલી પડે છે. આ પ્રકારના સચોટ વિચારો મેડિકલમાં પ્રવર્તમાન સ્થિતિમાં સુધારા કરવા અને આગામી દિવસોમાં પ્રવેશ સહિતની પ્રક્રિયામાં કેવા અને કેટલા સુધારા કરવાથી રાજ્યમાં વધુમાં વધુ મેડિકલ બેઠકો વધારી શકાય તેમ છે તે સહિતના જુદા જુદા મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવા માટે શનિવારે આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ કરીકયુલમ રિફોર્મ વિષય પર યોજાયેલા ખાસ સેમિનારમાં મેડિકલના નિષ્ણાતોએ પોતાના મત વ્યક્ત કર્યા હતા. ભારત સરકારના નીતિ આયોગના ચેરમેનની અધ્યક્ષતામાં યોજાયેલા મેડિકલ રિફોર્મ અંગેના સેમિનારમાં એમસીઆઈ એટલે કે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજ્યની તમામ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર અને મેડિકલ ફેકલ્ટીના પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા કમિશનર ઓફ હેલ્થ દ્વારા તાકીદ કરાઈ હતી. આ બેઠકમાં યુજી એટલે કે અંડર ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં હાલમાં અલગ અલગ સીલેબસ છે જેને કોમન કરીને કોમન કરીકયુલમ તૈયાર કરવા પર ભાર મૂકાયો હતો. આ ઉપરાંત રાજ્યમાં સુપર સ્પેશિયાલિટી બેઠકોનો રેશિયો વધારવા માટે પણ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

ગ્રામ્ય વિસ્તારમાં મેડિકલની પુરતી સગવડ આપવા અને સુપર સ્પેશિયાલિટની સગવડ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા પર ભાર મૂકાયો હતો.

## યુનિવર્સલ સંસ્થા દ્વારા ૧૯મીથી સમર કૅમ્પ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરની યુનિવર્સલ સંસ્થા દ્વારા તા. ૧૯મી એપ્રિલથી તા. ૨૮મી એપ્રિલ દરમિયાન સમર્પણ સ્કૂલ, સૅક્ટર-૨૮ ખાતે સાંજે ૫થી ૭ દરમિયાન સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કૅમ્પ દરમિયાન સ્કેટિંગ, યોગ, ડાન્સ, ટેક્વોનડો, સ્વરક્ષણ, વેપન ટેકનીક, એથ્લેટીક્સ, ફન ગેમ જેવી પ્રવૃત્તિઓ શીખવવામાં આવશે. આ કૅમ્પ માટે બસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

કૅમ્પમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. પ્રવેશ તથા વધુ માહિતી માટે મોબાઈલ નં. ૯૪૨૯૮ ૨૬૫૧૯ અથવા ૮૮૬૬૦ ૧૨૬૪૯ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક સાધવા તાલીમાર્થીઓને સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીજી અને ગોખલે

(પાંચમો મણકો)

મેં ત્યારે જ જોયું કે, જેમ મુંબઈ હિંદુસ્તાન નથી તેમ રંગૂન બ્રહ્મદેશ નથી; અને જેમ હિંદુસ્તાનમાં અંગ્રેજ વેપારીઓના આપણે કમિશન એજન્ટ બન્યા છીએ તેમ બ્રહ્મદેશમાં આપણે અંગ્રેજોની સાથે મળીને બ્રહ્મદેશવાસીઓને કમિશન એજન્ટ બનાવ્યા છે.

બ્રહ્મદેશથી પાછા ફરીને મેં ગોખલે પાસેથી વિદાયગીરી લીધી. તેમનો વિયોગ મને સાલ્યો, પણ મારું બંગાળનું - અથવા ખરી રીતે કલકત્તાનું - કામ પૂરું થયું હતું.

ધંધે વળગું તે પહેલાં મારો વિચાર હિંદુસ્તાનાનો નાનકડો પ્રવાસ ત્રીજા વર્ગમાં કરી, ત્રીજા વર્ગના મુસાફરોનો પરિચય કરવાનો અને તેમનાં દુ:ખો જાણી લેવાનો હતો. ગોખલે આગળ મેં આ વિચાર મૂક્યો. તેમણે પ્રથમ તો તે હસી કાઢ્યો. પણ જ્યારે મેં મારી આશાઓનું વર્ણન કર્યું, ત્યારે તેમણે ખુશીથી મારી યોજનાને સંમતિ આપી. મારે પહેલું તો કાશી જઈ વિદુષી એની બેસંટના દર્શન કરવાનું હતું. તેઓ તે વખતે બિમાર હતાં.




આ મુસાફરીને સારુ મારે નવો સામાન વસાવવાનો હતો. એક ડબ્બો પિત્તળનો ગોખલેએ જ આપ્યો ને તેમાં મારે સારુ મગજના લાડુ અને પૂરી મુકાવ્યાં. એક બાર આનાની કંતાનની પાકીટ લીધી. છાયા-(પોરબંદર નજીકનું ગામ)ની ઊનનો ડગલો બનાવડાવ્યો હતો. પાકીટમાં એ ડગલો, ટુવાલ, પહેરણ અને ધોતીયું હતાં. ઓઢવાને સારુ એક કામળી હતી. ઉપરાંત એક લોટો સાથે રાખ્યો હતો. આટલો સામાન લઈને હું નીકળ્યો.

ગોખલે અને દા. રૉય સ્ટેશન ઉપર મને વળાવવા આવ્યા. બન્નેને મેં ન આવવા વીનવ્યા. પણ બન્નેએ આવવાનો આગ્રહ પકડી રાખ્યો. 'તમે પહેલા વર્ગમાં જાત તો કદાચ હું ન આવત, પણ હવે તો મારે આવવું જ છે,' ગોખલે બોલ્યા.

પ્લૅટફૉર્મ ઉપર જતાં ગોખલેને તો કોઈએ ન રોક્યા. તેમણે પોતાનો રેશમી ફેંટો બાંધ્યો હતો ને ધોતીયું તથા કોટ પહેર્યાં હતાં. દા. રૉયે બંગાળી પોશાક પહેર્યો હતો. એટલે તેમને ટિકિટ-માસ્તરે અંદર આવતાં પ્રથમ તો રોક્યા, પણ ગોખલેએ કહ્યું, 'મારા મિત્ર છે,' એટલે દા. રૉય પણ દાખલ થયા. આમ બન્નેએ મને વિદાય આપી.



- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# કાચો છું તો સમજણ આપ, કાં તો પાછું બચપણ આપ






પ્રેમમાં થઈ જાય છે દિલદાર આંખો, વ્હેમમાં થઈ જાય ચોકીદાર આંખો.
- મનીષ પાઠક 'શ્વેત'

રાહ જોતા આંગણા છે, આવજે, સાવ ખુલ્લા બારણાં છે,આવજે.
- હરદ્વાર ગોસ્વામી

એક કોલમ જેટલા સુખનો ગુનો કીધો અમે,
તેં ચડાવી રોજ છાપે, આટલી દાદાગીરી !
- રક્ષા શુક્લ

શ્વાસની જેમજ સતત એને શ્વસી છે, મેં ભજનની જેમ ગુજરાતી ભજી છે.
- રમેશ ચૌહાણ

કાચો છું તો સમજણ આપ, કાં તો પાછું બચપણ આપ.
- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

ગાંધીનગર, તા. ૧૫

ઠાકોરભાઈ દેસાઈ હોલ, લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે, શબ્દશ્રી અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કવયિત્રી રક્ષા શુકલના કાવ્યસંગ્રહના વિમોચન નિમિત્તે 'આલ્લે લે' કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. મંચસ્થ કવિગણની ઉપસ્થિતમાં અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાના વરદ હસ્તે કાવ્યસંગ્રહ 'આલ્લે લે'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

કવિ રાજેશ વ્યાસ'મિસ્કીન', તુષાર શુક્લ, હિતેન આનંદપરા, રમેશ ચૌહાણ, મનીષ પાઠક 'શ્વેત', હરદ્વાર ગોસ્વામીએ કાવ્ય સંગ્રહના વિમોચન પ્રસંગે પોતાની સ્વરચિત કવિતાનો પાઠ કર્યો હતો અને સંગીતકાર દીપેશ દેસાઈની સંગતમાં ગાયિકા ડૉ. ફાલ્ગુની શશાંકે કવયિત્રી રક્ષા શુક્લની કવિતાઓ (૧) હરિ નામનો મારગ (૨) તારે રસ્તે મારો રસ્તો મળી ગયો છે, આલ્લેલે (૩) વ્હાલપનું વાદળ વરસે...ની પ્રસ્તુતિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.જયેન્દ્રસિંહ જાદવે કર્યું હતું. આ પ્રસંગે કવિ જયંત ડાંગોદરા, સતીન દેસાઈ, મધૂસુદન પટેલ, અનિલ ચાવડા, જીગર ઠક્કર, રાકેશ પટેલ, પરબતકુમાર નાઈ, કૃણાલ શાહ, વિપુલ પરમાર, ગોપાલી બુચ, પૂર્વી બ્રહ્મભટ્ટ, ભાર્ગવી પંડ્યા તેમજ વિક્રમ પટેલ, નાટ્યકાર જનક દવે, વિપુલ આચાર્ય, નિહારિકા આચાર્ય, મુકુંદ દવે, હર્ષદ બ્રહ્મભટ્ટ, કલાકાર જીતેન્દ્ર ઠક્કર, પ્રોફેસર સોઢા તેમજ કવિતાના ભાવકો અને ચાહકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.